بسم اللہ الرحمن الرحیم

# સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.14-07-2017 સ્થળ : બૈતુલ ફુતુહ લંડન

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર એય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝે ફરમાવ્યું :

ઘણાં બધાં પુરૂષો તથા સ્ત્રીઓ લખે છે કે અમારે ત્યાં સંતાન થવાની છે તેના માટે દુઆ કરો અથવા આ કે અમે શું દુઆ કરીએ તે સંતાન માટે અને પછી આ પણ કે અમારી સંતાન છે અને હવે યુવાની તરફ વધી રહ્યા છે તેમના પ્રશિક્ષણની ચિંતા રહે છે તેમના માટે શું દુઆ કરીએ કેવી રીતે તેમનું પ્રશિક્ષણ કરીએ કે અમારી સંતાન સીધા માર્ગ પર અને નેકીઓ પર કાયમ રહે. અલ્લાહ તઆલાએ મુસલમાનો પર આ અહેસાન કર્યા છે કે કુરઆન શરીફમાં અનેક સ્થાને બાળકોના જન્મ પહેલાથી લઈને પ્રશિક્ષણના અનેક સમયથી જ્યારે બાળક ગુજરે છે તો તેના માટે દુઆઓ પણ સિખવાડી છે અને પ્રશિક્ષણનો તરીકો પણ જણાવ્યો છે અને માં બાપની ઈમ્મેદારી તરફ પણ ધ્યાન અપાવ્યું છે. જો આપણે આ દુઆઓ કરનાર અને આ તરીકા પ્રમાણે પોતાનું જીવન ગુજારનાર અને પોતાના બાળકનું પ્રશિક્ષણ તરફ ધ્યાન આપનાર થઈએ તો એક નેક નસલ આગળ મોકલનાર બની શકીએ છીએ. આ વાતમાં કોઈ શંકા નથી કે બાળકનું પ્રશિક્ષણ કોઈ આસાન કામ નથી અને ખાસ કરીને આ યુગમાં જ્યારે ડગલેને પગલે શૈતાનની પૈદા કરેલ દિલચસ્પીઓ અનેક રૂપમાં પ્રતિ દિન આપણી સામે આવી રહી હોય તો આ ખુબ જ મુશ્કેલ કામ છે પરંતુ અલ્લાહ તઆલાએ જ્યારે દુઆઓ અને તરીકાઓ જણાવ્યા છે તો એટલા માટે કે જો આપણે ઈચ્છીએ તો સ્વયં પણ અને પોતાની સંતાનને પણ શૈતાનના હુમલાથી બચાવી શકીએ છીએ પરંતુ તેના માટે વારંવાર દુઆઓ, અલ્લાહ તઆલાની મદદ અને મહેનત અને પ્રયત્નની જરૂર છે એક વારંવાર જેહાદની જરૂર છે અને વાસ્તવિક મોમિનથી આ જ અપેક્ષા રાખવામાં આવે છે કે તે અલ્લાહ તઆલા સાથે જોડાઈને પોતાને પણ અને પોતાની સંતાનને પણ શૈતાનના હુમલાઓથી બચાવે ન કે માયુસ થઈ જાય થાકી જાય અને ભયભીત થઈ નકારાત્મક વિચારને પોતાના ઉપર લાવી દે.

હઝરત મસીહ મૌઉદ અ.સ. જે ક્રાંતિ લાવવા માટે દુનિયામાં અલ્લાહ તઆલા તરફથી મોકલવામાં આવ્યા તેનો અંગ બનવા માટે આપણે પોતાની તમામ પ્રતિભાઓ તથા સામર્થ્યોને ઉપયોગમાં લાવવું છે તથા આપણી નવી પેઢીમાં પણ આ આત્માને ફુકવી છે, જે આપણા ઉદ્દેશ છે તેના માટે દુઆ પણ કરવી છે, તેમનું પ્રશિક્ષણ પણ કરવું છે કે સમાજના આ તમામ ગંદ તથા બૂરાઈઓ હોવા છતા આપણે શૈતાનને સફળ થવા નથી દેવો, ઈન્શાઅલ્લાહ તઆલા. દુનિયામાં ખુદા તઆલાની હુકુમત કાયમ કરવાનો પ્રયાસ કરવો છે.

અલ્લાહ તઆલાએ આપણને કુરઆન શરીફમાં નેક સંતાન માટે દુઆઓ સિખવાડી છે. એક સ્થાને હઝરત ઝકીયા અ.સ. દ્વારા દુઆ સિખવાડી અને તે દુઆ આ છે કે હે મારા રબ, મને પવિત્ર સંતાન પ્રદાન કર. ખરેખર તુ ખુબ દુઆ સાંભળનાર છે. અલ્લાહ તઆલાએ સ્વયં આ દુઆ સિખવાડી કે હું દુઆઓ સાંભળુ છું માટે તમે પણ કહો કે હે અલ્લાહ તુ દુઆઓ સાંભળનાર છે માટે મારી દુઆઓ કબૂલ કર અને અમને પવિત્ર સંતાન આપ. આમ, જ્યારે દુઆની ઇચ્છા હોય, જ્યારે પવિત્ર સંતાનની ઇચ્છા હોય તો તેના માટે દુઆ પણ કરવી જોઈએ પરંતુ સાથે જ માતા પિતાએ પણ આ પવિત્ર વિચારો અને નેક કર્મો ધારણ કરવા વાળા હોવા જોઈએ જે નેકો અને નબીઓના ગુણ છે, તે ધારણ કરવાની જરૂર છે. ઘણી વાર માતાઓ દીનની વાતો તરફ ધ્યાન અપાવનાર હોય છે, ઈબાદતો કરનાર હોય છે તો પિતા નથી હોતો. ઘણી વાર મર્દ છે તો સ્ત્રીઓ પોતાના દાયિત્વ પુરા નથી કરતી. સંતાનને નેક હોવા અને યુગના ખરાબ પ્રભાવથી બચવા માટે જરૂરી છે કે સંતાનની ઈચ્છા તથા સંતાનની જન્મથી પણ પહેલાં પુરૂષ અને મહિલા બંને નેકીઓ પર અમલ કરનાર હોય.

કુરઆન કરીમમાં હઝરત ઝકીયાના હવાલાથી આ દુઆનું પણ વર્ણન મળે છે સૂરઃ અંબિયામાં કે હે મારા રબ, મને એકલો ન છોડ અને તુ તમામ વારીસોથી બહેતર છે. આ દુઆમાં પણ જ્યારે અલ્લાહ તઆલાને ખૈરૂલ વારિસીન કહ્યું છે તો સ્પષ્ટ છે કે સંતાનની દુઆ કેવળ આ કારણે જ નથી કે સંતાન થાય અને વારિસ પૈદા થઈ જાય જે દુનિયાના મામલાઓનો ઉત્તરાધિકારી હોય બલ્કે એવા વારિસ અલ્લાહ તઆલા તરફથી મળે જે દીનને દુનિયા પર પ્રાથમિકતા આપનાર હોય. જો દુનિયાદારીમાં ઈન્સાન ગ્રસ્ત છે તો નેક વારિસ કેવી રીતે માંગશે. જો કોઈ સ્ત્રી કેવળ એટલા માટે સંતાનની ઇચ્છા વ્યકત કરે છે કે પતિની ઇચ્છા હોય છે. એવી સંતાન પછી પરીક્ષાનું કારણ બની જાય છે. સંતાનની ઇચ્છા ખુબ ઉચિત ઇચ્છા છે પરંતુ સાથે જ નેક સંતાન પૈદા થવા માટે દુઆ પણ કરવી જોઈએ. હઝરત મસીહ મૌઉદ અ.સ.આ વાતને બયાન કરતાં ફરમાવે છે કે સંતાનની ઈચ્છા કેવળ વારિસ પૈદા થવા માટે જ ન કરો બલ્કે નેક સદાચારી તથા દીનના સેવક વારિસ પૈદા થવા માટે દુઆ કરો, નહીતર સંતાન પણ પરીક્ષામાં નાખી શકે છે. એક અવસરે ફરમાવે છે કેઃ

સંતાન દ્વારા પરીક્ષા પણ ખુબ મોટી પરીક્ષા હોય છે. જો સંતાન નેક હોય તો પછી કઈ વાતની ચિંતા છે. ખુદા તઆલા સ્વયં ફરમાવે છે કે અલ્લાહ તઆલા સ્વયં નેક બંદાનો નિગરાન અને સંરક્ષક બની જાય છે. જો ઈન્સાન ભાગ્યહીન છે તો ચાહે લાખો રૂપીયા તેના માટે છોડી જાઓ તે ખરાબ કાર્યોમાં નષ્ટ કરીને પછી કંગાળ થઈ જશે તથા મુશ્કેલીઓમાં પડી જશે. જે વ્યકિત પોતાના વિચારને ખુદા તઆલાના વિચાર અને ઇચ્છા સાથે જોડે છે, તે સંતાનના વિષયમાં નિશ્ચિંત થઈ જાય છે. અલ્લાહ તઆલાનો પરામર્શ અને ઇચ્છા શું છે ? એ જ કે દીનને દુનિયા પર પ્રાથમિકતા આપો.

એક સ્થાને સંતાનના વિષયમાં મસીહત કરતાં આપ ફરમાવે છે કેઃ સ્વયં નેક બનો તથા પોતાની સંતાન માટે એક ઉત્તમ નમૂનો નેકી અને તકવાનો બની જાઓ તથા તેમને મુત્તકી અને દીનદાર બનાવવા માટે પ્રયાસ અને દુઆ કરો. જેટલો પ્રયાસ તમે તેમના માટે ધન જમા કરવા માટે કરો છે એટલો જ પ્રયત્ન આ વાત માટે કરો. પછી આપ ફરમાવે છે કે સંતાનની અભિલાષા હોય છે લોકોમાં તો આ હોય છે કે ઘણી વાર સમૃદ્ધ વ્યકિતઓને મેં કહેતા સાંભળ્યા છે કે કોઈ સંતાન થઈ જાય જે આ સંપત્તિના વારસદાર હોય પરંતુ આ નથી જાણતા કે જ્યારે મરી જશે તો તેમના સાથી કોણ અને સંતાન કોણ ? બધા જ ગૈર બની જાય છે. સંતાન માટે જો ઇચ્છા હોય તો આ ઉદ્દેશથી હોય કે તે ધર્મના સેવક બને.

પછી અલ્લાહ તઆલાએ કુરઆન શરીફમાં આપણને આ પણ દુઆ સિખવાડી કે મારા માટે મારી સંતાનનો પણ સુધાર કરી દે, નિઃસંદેહ હું તારા તરફ ઝુકું છું તથા નિઃસંદેહ હું આજ્ઞાકારીઓમાંથી છું. આ સંતાનનો સુધાર કરવા માટે દુઆ કરી છે તો સાથે આ વાતને પણ સ્વીકાર કર્યો છે કે હું તારા તરફ ઝુકનાર તથા આજ્ઞાકારીઓમાંથી બનું અથવા છું. આથી સંતાન માટે જ્યારે દુઆ થાય તો અલ્લાહ તઆલાના આદેશ અનુસાર કર્મ અને અલ્લાહ તઆલાનો સંપૂર્ણ આજ્ઞાપાલન જરૂરી છે, તો જ દુઆ કબૂલ થાય છે.

આમ, ખુબ ભારી દાયિત્વ છે માતાનો પણ અને પિતાનો પણ. જો આપણા નમૂના આ તાલીમ વિરૂદ્ધ છે જે અલ્લાહ તાઆલાએ આપી છે તો પછી સુધારની દુઆમાં સત્ય પણ નથી હોતું અને જ્યારે આ પ્રકારનો અમલ ન હોય તો પછી આ ફરિયાદ પણ ખોટી છે કે અમોએ પોતાની ઔલાદ માટે ઘણી બધી દુઆઓ કરી હતી પરંતુ તો પણ તે બગડી ગઈ અથવા અમોને પરીક્ષામાં નાખી દીધા.

પછી અલ્લાહ તઆલા કુરઆન શરીફમાં એક ખુબ જ વ્યાપક દુઆ બયાન ફરમાવે છે કે હે અમારા રબ, અમારી જીવન સાથીઓ તથા પોતાની સંતાનથી આંખોની ઠંડક અતા કર તથા અમોને મુત્તકીઓનો ઈમામ બનાવી દે. આ દુઆ ઔલાદ માટે તથા પોતાની જીવન સાથીઓ માટે પુરૂષોએ પણ કરવી જોઈએ અને મહિલાઓએ પણ. જયારે સ્ત્રી અને પુરૂષ

નેક અને સજ્જન સંતાનની ઇચ્છા રાખતા આ દુઆ કરે છે તો પછી સંતાનના જન્મ પછી પણ તેમના કામ પુરા નથી થઈ જતા બલ્કે માં પણ, બાપ પણ, પત્ની પણ તથા પતિ પણ પોત પોતાની પરિધિમાં નિગરાન અને ઈમામ છે અને આ અધિકાર તે સમયે અદા થશે જ્યારે સ્વયં પણ તકવા પર ચાલનાર હોય તથા પોતાના બાળકો માટે દુઆ કરનાર થશે અને પોતાના કર્મોને પણ જોનાર થશે.

એક સ્થાને હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે લોકો સંતાનની અભિલાષા તો કરે છે પરંતુ ન તેના માટે કે તે ધર્મના સેવક બને બલ્કે એટલા માટે કે દુનિયામાં તેમનો કોઈ વારિસ હોય અને જ્યારે ઔલાદ થાય છે તો તેના પ્રશિક્ષણ પર ધ્યાન નથી આપવામાં આવતો, ન તેમની આસ્થાનો સુધાર કરવામાં આવે છે. દીન સિખવાડવો પણ જરૂરી છે. આ નથી કે બહારથી સમય નથી મળતો, દુન્યવી તાલીમમાં વ્યસ્ત છે, દુન્યવી કામોમાં વ્યસ્ત છે. એટલા માટે સ્વયં દીન સિખવાડવામાં ધ્યાન આપ્યું, ન બાળકો માટે કોઈ વ્યવસ્થા કરી. આસ્થાઓને સિખવાડવી, દીન સિખવાડવું ખુબ જ જરૂરી છે. ફરમાવ્યું કે અને ન શિષ્ટાચારમાં સુધાર કરવામાં આવે છે. આપ ફરમાવે છે કે યાદ રાખો તેનો ઈમાન વ્યાપક નથી હોઈ શકતો જે નિકટના સંબંધોને નથી સમજતો, જ્યારે તે તેમાં વિવશ છે તો અન્ય નેકીઓની આશા તેનાથી શું કરી શકાય છે. અલ્લાહ તઆલાએ સંતાનની ઇચ્છાને આ રીતે કુરઆનમાં ફરમાવ્યું છે કે ખુદા તઆલા આપણને આપણી પત્નીઓ અને બાળકોથી આંખોની ઠંડક અતા કરે અને આ ત્યારે જ મળી શકે છે કે જ્યારે ઘોર પાપ વાળું જીવન વ્યતીત ન કરતા હોય બલ્કે ઈબાદુર્રહેમાનની જીંદગી ગુજારતા હોય અને ખુદાને પ્રત્યેક વાત પર પ્રાથમિકતા આપનાર હોય અને આગળ સ્પષ્ટ રીતે કહી દીધું કે સંતાન જો નેક અને સુશીલ હોય તો આ તેમનો ઈમામ જ હશે. આ રીતે જેવી મુત્તકી થવાની દુઆ છે અર્થાત પોતાને મુત્તકી થવા માટેની દુઆ છે કે અલ્લાહ તઆલા આપણને તકવા પર ચલાવનાર બનાવે અને આગળ પછી ઔલાદને પણ મુત્તકી હોવાની દુઆ છે. આ રીતે ઔલાદ માટે કેવળ આ ઈચ્છા હોય કે તે ધર્મના સેવક હોય અને ખાસ કરીને વાકફેન એ નૌ ના માતા પિતાને અત્યાધિક ધ્યાન આપવું જોઈએ કે પોતાના બાળકોને દીન તરફ અધિક આકર્ષિત કરે.

પછી આપ ફરમાવે છે કે હું જોઉ છું કે લોકો જે કઈ કરે છે તે કેવળ દુનિયા માટે કરે છે. જીવનથી પ્રેમની ભાવના તેમનાથી કરાવે છે, ખુદા માટે નથી કરતાં. જો સંતાનની ઇચ્છા કરે તો આ ભાવનાથી કરેઃ વજઅલ્ના લિલ મુત્તકીન ઈમામન પર નજર રાખીને કરે કે કોઈ એવું બાળક પૈદા થઈ જાય જે ઈસ્લામના કલમાને બુલંદ કરનાર હોય. જયારે એવી પવિત્ર ભાવના હોય તો અલ્લાહ તઆલા સર્વ શકિતમાન છે કે ઝકિયાની જેમ ઔલાદ આપી દે પરંતુ હું તો જોઉ છું કે લોકોની નજર તેનાથી આગળ નથી જતી કે અમારા બાગ છે અને દેશ છે અને તેનો વારસદાર હોય તથા કોઈ સંબંધી તેને ન લઈ જાય પરંતુ તે એટલુ નથી વિચારતા કે દુર્ભાગા જ્યારે મરી ગયો તો તારા માટે દોસ્ત દુશ્મન, બેગાના, તમામ બરાબર છે. તો આ રીતે જેવું કે મેં પહેલાં પણ કહ્યું કે વિશેષ રૂપથી વાકફેન એ નૌ ના માતા પિતા જે છે, તેમણે પોતાના બાળકોની તર્બિયત તરફ ખાસ ધ્યાન આપવું જોઈએ તથા તેમના માટે દુઆ પણ આ ઉદ્દેશ માટે કરવી જોઈએ કે તેઓ મોટા થઈને દીનને દુનિયા પર પ્રાથમિકતા આપનાર થાય, વકફ કરનાર હોય. આ ન કે કેવળ વકફે નૌ નું ટાઈટલ લગાવીને કહી દીધું કે અમે તો અમારા કામ કરીએ છીએ બલ્કે પહેલા તે જમાઅતને પુછો કે શું જમાઅતને જરૂર છે કે નહી? જમાઅત જો અનુમતિ આપે છે પોતાના કામ કરવાની, તો કરે નહીતર તેમણે નિષ્ઠાપૂર્વક પોતાના સંકલ્પ પુરા કરતા પોતાને વકફ માટે પેશ કરવા જોઈએ.

આમ, સંતાન માટે દુઆ અને ઈચ્છા આ વિચાર સાથે તથા આ દુઆ સાથે હોવી જોઈએ કે એવી સંતાન હોય જે દીનને દુનિયા પર પ્રાથમિકતા આપનાર હોય, જે માતા પિતા અને કુટુંબનો સંમ્માન સ્થાપિત કરનાર હોય, પોતાના દાદા પરદાદાના નામનું આદર કાયમ કરનાર હોય. ઘણા બધા પરિવાર છે જેમના બાપ દાદા હઝરત મસીહ મૌઉદ અ.સ.ના

સહાબામાં હતા, કેવળ તેમની સંતાન હોવું કાફી નથી, લોકો જણાવે છે ખુબ ગૌરવ સાથે. સારી વાત છે પરંતુ ગૌરવ ત્યારે હોવું જોઈએ કે તે નેકીઓ પણ જારી હોય, માત્ર ઔલાદ હોવું કાફી નથી બલ્કે માતા પિતાનું આ પણ કામ છે કે પોતાની ઔલાદ માટે આ પણ દુઆ કરે કે તે તેમની નેકીઓ, બાપ દાદાની નેકીઓ કાયમ કરનાર પણ હોય અને આ દુઆ માતા પિતા કરી રહ્યા હશે તો પોતાના ઉપર નજર પણ રાખી રહ્યા હશે.

આમ, પોતાના નિરીક્ષણ સાથે પ્રત્યેકએ અંતિમ સમય સુધી બાળકોને નેક પ્રકૃતિ તથા સુશીલ થવા માટે દુઆઓ કરતા રહેવું જોઈએ. હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે ખુદા તઆલાની સહાયતા તે લોકોની સાથે હોય છે જે હંમેશા નેકીમાં આગળ કદમ મુકે છે. ફરમાવ્યું કે એક સ્થાને રોકાઈ નથી જતા અને તે જ છે જેમનું શુભાંત થાય છે અને અંજામ બખૈર માટે આપે ફરમાવ્યું કે પોતાના માટે, પોતાની પત્ની બાળકો માટે હંમેશા દુઆ કરતા રહેવું જોઈએ. પછી આપ ફરમાવે છે કે તે કામ કરો જે ઔલાદ માટે સુંદર નમૂનો અને ઉદાહરણ હોય, આ માં બાપનું કામ છ તેના માટે જરૂરી છે કે સૌપ્રથમ પોતાનો સુધાર કરો જો તમે ઉત્તમ ધોરણના મુત્તકી અને સજ્જન પુરૂષ બની જશો અને ખુદા તઆલાને રાઝી કરી લેશો તો વિશ્વાસ કરવામાં આવે છે કે અલ્લાહ તઆલા તમારી સંતાન સાથે પણ સારૂ વ્યવહાર કરશે. ફરમાવ્યું કે કુરઆન શરીફમાં ખિઝર અને મૂસા અ.સ.ની વાતા લખી છે કે તે બંનેએ મળીને એક દીવાલ બનાવી દીધી હતી જે યતીમ બાળકો માટે હતી. ત્યાં અલ્લાહ તઆલા ફરમાવે છે કે તેમનો પિતા સજ્જન પુરૂષ હતો, આ વર્ણન નથી કર્યો કે બાળકો કેવા હતા બલ્કે માતા પિતાનું વર્ણન કર્યુ. ફરમાવ્યું કે આ ઉદ્દેશને પ્રાપ્ત કરો. સંતાન માટે હંમેશા તેમની નેકીની ઇચ્છા કરો તો પછી અલ્લાહ તઆલા સંતાનના સામાન પણ પૈદા ફરમાવતો રહેશે, તેમની અચ્છાઈ માટે અને તેમના રિઝક માટે.

આમ, આ તે મૂળ નિયમ છે જે તરફ વારંવાર હઝરત મસીહ મૌઉદ અ.સ.એ ધ્યાન અપાવ્યું છે અને આ કુરઆની તાલીમની જ વ્યાખ્યા છે કે માતા પિતાનો નમૂનો જ બાળકોના પ્રશિક્ષણમાં ભૂમિકા નિભાવે છે. અલ્લાહ તઆલા આપણને તૌફીક આપે કે આપણામાંથી પ્રત્યેક પોતાની સંતાન માટે સુંદર નમૂનો બનનાર થઈએ, દીનને દુનિયા પર પ્રાથમિકતા આપનાર થઈએ. બીજા લોકો તરફ જોવાને બદલે, કેટલાંક લોકોની ટેવ હોય છે કે બીજા લોકો તરફ જુએ કે તે કેવો છે, પોતાના સુધાર તરફ ધ્યાન આપનાર બનીએ જેથી અલ્લાહ તઆલા આપણી સંતાનને પણ હંમેશા આપણી આંખોની ઠંડક બનાવે અને આ ક્રમ આગળ પણ ચાલતો રહે. આમીન

**TOLL FREE NO: 180030102131**

| Khulasa Khutba Jumma Huzoor Anwar 14 July 2017 |
|---|
| BOOK POST (Printed Matter)<br><br>To...........................................................................................................<br>...........................................................................................................<br>...........................................................................................................<br><br>From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT. |